# ચૂંટણી ખર્ચ મર્યાદામાં વધારો કરાશે

નવી દિલ્હી,તા.૨૯

સામાન્ય ચૂંટણી નજીક આવી પહોંચી છે ત્યારે ચૂંટણી પંચે પણ તમામ પાસાઓને લઈને પોતાની તૈયારી શરૂ કરી લીધી છે.ચૂંટણી પંચે હવે વ્યક્તિગત ચૂંટણી ખર્ચની મર્યાદામાં સંભવિત વધારાને લઈને વાતચીત શરૂ કરી દીધી છે. સાથે સાથે પક્ષના ચૂંટણી ઢંઢેરાની બાબતોને નિયંત્રિત કરવા માટે માર્ગદર્શિકાના મુદ્દે પણ વિચારણા હાથ ધરી છે. ચૂંટણી પંચમાં રહેલા સૂત્રોએ માહિતી આપતા કહ્યું છે કે ચૂંટણી પંચ ચૂંટણી ખર્ચની મર્યાદામાં ૩૦ ટકા સુધીનો વધારો કરવા સક્રિય વિચારણામાં છે. જો કે આ સંદર્ભમાં અંતિમ નિર્ણય કરવામાં આવ્યો નથી. અંતિમ નિર્ણય રાજકીય પક્ષો સાથે વાતચીત કર્યા બાદ લેવામાં આવે તેવી શક્યતા છે. ચોથી ફેબ્રુઆરીના દિવસે ચૂંટણી પંચે તમામ પક્ષોની અતિ મહત્વપૂર્ણ બેઠક બોલાવી છે જેમાં આ મુદ્દે ચર્ચા કરવામાં આવશે અને ચૂંટણી ખર્ચની મર્યાદામાં વધારો કરવાના સંદર્ભમાં નિર્ણય લેવામાં આવી શકે છે. ચૂંટણી પંચે ગયા સપ્તાહમાં વ્યક્તિગત ચૂંટણી ખર્ચની મર્યાદામાં આશરે ૩૦ ટકા સુધીનો વધારો કરવાની દરખાસ્ત ઉપર વિચારણા હાથ ધરી હતી. આંકડાકીય દ્રષ્ટિએ ગણવામાં આવે તો આ મર્યાદા સંસદીય ચૂંટણી માટે હાલની ૪૦ લાખની મર્યાદાથી વધીને ૫૨ લાખ રૂપિયાની થઈ જશે. જ્યારે વિધાનસભાની ચૂંટણી માટે વ્યક્તિગત ચૂંટણી ખર્ચની મર્યાદા પ્રવર્તમાન ૧૬ લાખથી વધીને ૨૧ લાખ રૂપિયા થઈ જશે. ચૂંટણી પંચે




છેલ્લા ઘણા સમયથી ખર્ચની મર્યાદાને વધારવાની વિચારણા હાથ ધરી હતી. દરેક પાંચ વર્ષમાં ખર્ચની મર્યાદામાં સુધારો કરવામાં આવે છે. જો કે છેલ્લે ૨૦૧૧માં સુધારો કરવામાં આવ્યો હતો. ચૂંટણી પંચના અધિકારીઓએ કહ્યું છે કે હાલના સમયમાં વધતાજતા ખર્ચ અને અન્ય બાબતોની નોંધ લેવામાં આવી છે. ભૂતપૂર્વ મુખ્ય ચૂંટણી કમીશનર એન ગોપાલ સ્વામીએ કહ્યું છે કે જો પ્રવર્તમાન મર્યાદાને ધ્યાનમાં લેવામાં આવશે નહીં તો આમા વધુ વધારો કરવાના પાસાં ઉપર વિચારણા કરવાની બાબત યોગ્ય રહેશે નહીં. છેલ્લી વિધાનસભાની ચૂંટણીમાં ઉમેદવારો દ્વારા રજૂ કરવામાં આવેલા ખર્ચના નિવેદનમાં ધ્યાન આપવામાં આવે તો જાણવા મળે છે કે મોટાભાગના ઉમેદવારોએ ખર્ચની મર્યાદાની ૫૦ ટકાથી પણ ઓછી રકમ ખર્ચ કરી છે.

જો પ્રવર્તમાન રકમનો જ ઉપયોગ થઈ રહ્યો નથી તો તેમાં વધારો કરવાનો કોઈ મતલબ નથી તેવો મત ગોપાલસ્વામીએ આપ્યો છે. ચૂંટણી પંચ ઉપરાંત અન્ય કોઈપણ લોકો તરફથી પેનલને પ્રવર્તમાન મર્યાદામાં વધારો કરવા કોઈ ફરિયાદ મળી નથી. લોકસભાની ચૂંટણી પહેલા અન્ય કેટલાક ચૂંટણી સુધારા પણ હાથ ધરવામાં આવનાર છે જેના ભાગરૂપે પક્ષના ચૂંટણી ઢંઢેરાની માર્ગદર્શિકાની બાબતનો સમાવેશ થાય છે. મોટાભાગના રાજકીય પક્ષોએ નાણાંકીય જટિલતા સાથે ચૂંટણી વચનો અંગે નિયંત્રણોનો વિરોધ કર્યો છે. ઓગસ્ટ ૨૦૧૩માં બોલાવવામાં આવેલી બેઠકમાં વિરોધ કર્યો હતો. આ વખતે દરેક મતદારોને કિંમતી ગિફ્ટો આપવાની પ્રક્રિયાને રોકવામાં આવે તેવી શક્યતા છે.

---

**એમએનએસની પણ ઉદ્ધવ દ્વારા ટિકા**

## ટોલની સામે આંદોલન રાજકીય પ્રેરિત : ઉદ્ધવ

નવી દિલ્હી,તા. ૨૯

શિવસેનાના વડા ઉદ્ધવ ઠાકરેએ મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના હિંસક આંદોલનને રાજકીયરીતે પ્રેરિત તરીકે ગણાવીને આની ટીકા કરી હતી. ટોલ સામે એમએનએસનું આંદોલન રાજકીય પ્રેરિત હોવાના ઉદ્ધવના આક્ષેપ બાદ બંને વચ્ચે ખેંચતાણના સંકેત મળ્યા છે. આગામી લોકસભા અને વિધાનસભાની ચૂંટણી નજીક છે ત્યારે આ પ્રકારના આક્ષેપો થઈ રહ્યા છે. ઉદ્ધવે કહ્યુ હતુ કે કોલ્હાપુરમાં શિવસેનાનું ટોલ સામેનું આંદોલન સ્થાનિક લોકોના સમર્થનથી સફળ રહ્યુ હતુ પરંતુ મુંબઈ, થાણે અને પૂણેમાં ટોલનાકા પર તોડફોડની બાબત જુદા પ્રકારની છે. સામાન્ય લોકોને આનાથી તકલીફ થઈ રહી છે. રાજ્યસરકારે કોલ્હાપુરના બનાવની નોંધ લીધી હતી કારણ કે ભ્રષ્ટાચાર સામે ઝુંબેશના ભાગરૂપે આંદોલન ચલાવવામાં આવ્યુ હતુ. તેમણે એમ પણકહ્યુ હતુ કે જો વિધાનસભાની ચૂંટણીમાં શિવસેના અને ભાજપ ગઠબંધનસત્તામાં આવશે તો ટોલફ્રી કરવામાં આવશે. મહારાષ્ટ્ર ટોલફ્રી થશે. નાકા પર એકાએક તોડફોડ કરવાની બાબત યોગ્ય નથી. ટોલના મુદ્દા પર એમએનએસ પર બેવડા માપદંડનો આક્ષેપ કરીને ઉદ્ધવે કહ્યુ હતુ કે થોડાક સમય પહેલા કેટલાક લોકોએ વાહનોની સંખ્યાની ગણતરી કરવા ખાનગી ઓડિટરની નિમણૂંક કરી હતી જો કે ઓડિટરો પણ ઉદાસીન દેખાઈ રહ્યા છે.

## મૃત્યુદંડની સજાના મામલે સુપ્રીમ કોર્ટના ચૂકાદાને કેન્દ્ર પડકાર ફેંકશે

નવી દિલ્હી,તા. ૨૯

મૃત્યુદંડની સજાને વિલંબના આધાર પર આજીવન કારાવાસમાં ફેરવી નાંખવાના સુપ્રીમ કોર્ટના આદેશને પડકાર ફેંકીને કેન્દ્ર સરકાર અરજી કરવાના મૂડમાં દેખાઈ રહી છે. સુપ્રીમ કોર્ટે હાલમાં જ ચુકાદો આપતા કહ્યુ હતુ કે મૃત્યુદંડના અપરાધીઓની દયાની અરજી અંગે નિર્ણય લેવામાં અસામાન્ય વિલંબની સ્થિતિમાં અપરાધી પાસે આજીવન કારાવાસની સજાની માંગ કરવાનો પૂરતો અધિકાર હોઈ શકે છે. અહેવાલમાં જણાવવામાં આવ્યુ છે કે કેન્દ્ર સરકાર ટૂંકમાંજ સુપ્રીમ કોર્ટમાં સમીક્ષા અરજી દાખલ કરશે અને તેના તાજેતરના ચૂકાદાની સમીક્ષાની માંગ કરશે. સુપ્રીમે તેના ચૂકાદામાં કહ્યુ હતુ કે દયાની અરજી અંગે વહેલીતકે નિકાલ ખૂબ જરૂરી છે. સુપ્રીમ કોર્ટે મૃત્યુદંડના ૧૫ અપરાધીઓ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીના જવાબમાં તેનો આ ચુકાદો આપ્યો હતો. ૧૫ અપરાધીઓમાં ચંદનચોર વિરપ્પનના ચાર સાગરિતોનો સમાવેશ થાય છે. આ લોકોએ માંગ કરી હતી કે સરકારે તેમની દયાની અરજી અંગ વર્ષોથી કોઈ નિર્ણય લીધો નથી જેથી તેમની મૃત્યુદંડની સજાને ઘટાડવા માટે આધાર રહેલો છે. દયાની અરજીનો ઝડપથી નિકાલ લાવવામાં આવ્યો નથી. દયાની અરજી અંગે પહેલા ૧૫ દિવસની અંદર અને મહત્તમ ૧૦-૧૧ મહિનાની અંદર નિર્ણય કરાયો હતો. પરંતુ ૧૯૮૦થી ૧૯૮૮ના ગાળામાં દયાની અરજીઓના નિકાલમાં નિયમિતરીતે સમય અવધિ વધતી ગઈ છે અને સરેરાશ ચાર-ચાર વર્ષનો ગાળો લાગ્યો છે. ચીફ જસ્ટિસ પી સથાશિવમની બનેલી બેંચે આ અંગેનો ચૂકાદો આપ્યો હતો. દયાની અરજી અંગે નિર્ણય લેવામાં સરેરાશ સમયને લઈને પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા હતા. વિરપ્પનના સાગરિતો ૨૦૦૪થી કર્ણાટક જેલમાં છે જ્યારે હરિયાણાના દંપત્તિ સોનિયા અને સંજીવને તેમના ૧૩ સગા-સંબંધીઓની હત્યા કરવા બદલ મૃત્યુદંડની સજા કરાઈ હતી. કોર્ટે કહ્યુ હતુ કે સરકાર વર્ષો સુધી દયાની અરજીઓને પેન્ડીંગ રાખી શકે નહીં. કોર્ટે એમ પણ કહ્યુ હતુ કે જો દયાની અરજી અંગે નિર્ણય લેવામાં વિલંબ થાય તો તેવી સ્થિતિમાં અપરાધી માટે મૃત્યુદંડની સજાને આજીવન કારાવાસમાં ફેરવી નાંખવા માટે આધાર બને છે. મહત્વપૂર્ણ બાબત એ છે કે સુપ્રીમ કોર્ટનો ચૂકાદો રાજીવ ગાંધીના હત્યારાઓ મુરુગન, અરિવુ અને સંથાનની દયાની અરજી પર અસર કરી શકે છે. ટોપ કોર્ટમાં આ અરજીઓ ઘણા સમયથી પેન્ડીંગ છે.

## તેલંગાણા અંગે જીઓએમ બેઠક ફેબ્રુઆરીમાં યોજાશે


નવી દિલ્હી,તા.૨૯

તેલંગાણાના મુદ્દે જીઓએમની બેઠક ફેબ્રુઆરીના પ્રથમ સપ્તાહમાં મળશે જેમાં કેન્દ્રની ભાવિ યોજનાના સંદર્ભમાં ચર્ચા વિચારણા કરવામાં આવશે. આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી કિરણકુમાર રેડ્ડીએ ચર્ચા માટે મહેતલ લંબાવવાની માંગણી કર્યા બાદ જીઓએમની બેઠક બોલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આંધ્રપ્રદેશના વિભાજનના સંદર્ભમાં જુદા જુદા પાસા પર ધ્યાન આપવા જીઓએમની રચના કરવામાં આવી હતી. હવે આ બેઠક ચોથી ફેબ્રુઆરીના દિવસે મળશે. ભાવિ યોજના અંગે નિર્ણય લેવા રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીને ભલામણ કરતા પહેલા ચર્ચા વિચારણા કરવામાં આવશે. જીઓએમનું નેતૃત્વ કેન્દ્રિય ગૃહપ્રધાન સુશીલકુમાર શિંદે કરી રહ્યા છે. ૩૦મી જાન્યુઆરીની મહેતલને લંબાવવાની માંગ કરીને રાષ્ટ્રપતિને ગઈકાલે મુખ્યમંત્રી કિરણકુમાર રેડ્ડીએ પત્ર લખ્યો હતો. આ મહેતલ દરમિયાન આંધ્રપ્રદેશ વિધાનસભા ચર્ચા કરીને આંધ્રપ્રદેશ રી-ઓર્ગેનાઈઝેશન બિલ લાવવાની ઈચ્છા ધરાવે છે. આંધ્રપ્રદેશ સરકારે ચાર સપ્તાહની મહેતલની માંગ કર્યા બાદ આ મહેતલ ૩૦મી સુધીની છે.

## ભારતમાં આયુષ્યમાં પાંચ વર્ષ સુધીનો વધારો થયો છે

ચેન્નાઈ,તા.૨૯

આરોગ્યના ક્ષેત્રમાં ભારત માટે ખૂબ સારા સમાચાર છે. તાજેતરમાં જ કરવામાં આવેલા અભ્યાસ બાદ કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા આંકડામાં દર્શાવવામાં આવ્યું છે કે ભારતમાં જીવન આયુષ્યમાં એક દશકમાં પાંચ વર્ષ સુધીનો વધારો થયો છે. આનો મતલબ એ થયો કે છેલ્લા થોડાક વર્ષોમાં જન્મેલા બાળકો એક દશક અગાઉ જન્મેલા બાળકો કરતા પાંચ વર્ષ વધુ જીવી શકશે. આ આંકડામાં મહત્વના તારણો આપવામાં આવ્યા છે. ભારતમાં આયુષ્યમાં પાંચ વર્ષ સુધીનો વધારો થઈ ચૂક્યો છે. પુરુષો માટે ૨૦૦૧-૦૫માં આયુષ્ય ૬૨.૩ વર્ષ હતુ જે ૨૦૧૧-૧૫માં વધીને ૬૭.૩ વર્ષ થઈ ગયું છે. આવી જ રીતે મહિલાઓમાં આયુષ્ય ૨૦૦૧-૦૫માં ૬૩.૯ વર્ષ હતું જે ૨૦૧૧-૧૫માં વધીને ૬૯.૬ વર્ષ થયું છે. નિષ્ણાંતો માને છે કે રોગચાળાને રોકવામાં સફળતા, પોષક તત્ત્વોની ઉપસ્થિતિ તેમજ આરોગ્યને લઈને જાગૃતિ મુખ્ય કારણરૂપ છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન જીવન આયુષ્યને



એક વ્યક્તિના સરેરાશ વર્ષ તરીકે ગણે છે. દેશમાં હાલમાં પ્રવર્તી રહેલા મોતના દરના આધાર ઉપર આની સરેરાશ ગણતરી કરવામાં આવે છે. ભારતમાં સરેરાશ આયુષ્ય ૧૯૬૦માં ૪૨ વર્ષની આસપાસનું હતું જે ૧૯૮૦માં ૪૮, ૧૯૯૦માં ૫૮.૫, ૨૦૦૦માં ૬૫ની આસપાસ છે. એકંદરે આરોગ્યના પરિબળો સંકેત આપે છે કે છેલ્લા ૧૦ વર્ષના ગાળામાં ભારતભરમાં સ્થિતિમાં નોંધપાત્ર સુધાર થયો છે. ભારતમાં નવજાત શિશુના મોતના રેશિયોમાં પણ ઘટાડો થયો છે. ૨૦૦૫માં પ્રતિ ૧૦૦૦ જન્મેલા બાળકોમાં મોતનો આંકડો ૫૮નો હતો જ્યારે ૨૦૧૨માં આ રેશિયો ઘટીને ૪૨ થયો છે. આવી જ રીતે માતૃત્વ મોતનો રેશિયો ૨૦૦૧-૦૩માં પ્રતિ ૧૦૦૦૦૦ જીવીત બાળકોમાં ૩૦૧ છે જે ૨૦૦૭-૦૯માં ઘટીને ૨૧૨ થયો હતો. તમામ પરિબળો ખૂબ સારા સંકેત આપે છે. રોગચાળામાં આના માટે સફળતા કારણરૂપ છે. વધુ સારી લાઈફ સ્ટાઈલ જીવી શકાય છે. આયુષ્યમાં વધારો થવાની સાથે જ હવે રોગના બોજમાં પણ વધારો થશે તેમ પણ કેટલાક લોકો માની રહ્યા છે. સામાન્ય લોકોનું કહેવું છે કે આયુષ્યમાં વધારો થયો છે પરંતુ હેલ્થી લાઈફ સ્ટાઈલ રહે તે ખૂબ જરૂરી છે.

## ભુલ્લર માટે દયાની માંગણી કરીને કેજરીવાલનો પણ પત્ર

નવી દિલ્હી,તા. ૨૯

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીને પત્ર લખીને ખાલિસ્તાન લિબરેશનના ફોર્સના આંતકવાદી દેવિન્દરપાલસિંહ ભુલ્લર માટે દયાની અરજીની માંગ કરી છે. આમ આદમી પાર્ટીના નેતાની હિલચાલ એવા સમયે આવી છે જ્યારે સામાન્ય ચૂંટણી બિલકુલ નજીક છે. શિખ સમુદાયના લોકોને પ્રભાવિત કરવાના હેતુસર આ હિલચાલ આવી હોવાનો મત લોકો વ્યક્ત કરી રહ્યા છે. સુપ્રીમ કોર્ટ ભુલ્લરની અરજી પર સુનાવણી કરવા સહમત થઈ ગઈ છે. સપ્ટેમ્બર ૧૯૯૩ના બ્લાસ્ટ માટે ભુલ્લરને મૃત્યુદંડની સજા ફટકારવામાં આવી હતી. તેની અરજી પર ખુલ્લી કોર્ટમાં સુનાવણી કરવા સુપ્રીમ કોર્ટે ગઈકાલે તૈયારી બતાવી હતી. પાંચ જજની બંધારણીય બેંચના ૨૧મી જાન્યુઆરીના ચૂકાદાના અનુસંધાનમાં આ સુનાવણી ખૂબ જ મહત્વપૂર્ણ છે. બેંચે ઠેરવ્યુ છે કે મૃત્યુદંડના અપરાધીઓની દયાની અરજી અંગે નિર્ણય લેવામાં વિલંબ થાય તો આવી સ્થિતિમાં મૃત્યુદંડના અપરાધીઓ આજીવન કારાવાસની માંગ કરી શકે છે. ભુલ્લરને સપ્ટેમ્બર ૧૯૯૩માં નવી દિલ્હીમાં બ્લાસ્ટ કરવા દલ મૃત્યુદંડની સજા ફટકારવામાં આવી હતી. આ બ્લાસ્ટમાં નવ લોકોના મોત થયા હતા અને ૨૫ લોકો ઘાયલ થયા હતા. ઈજાગ્રસ્તોમાં યુવા કોંગ્રેસના તત્કાલિન પ્રમુખ એમએસ બિટ્ટાનો સમાવેશ થાય છે. ૨૬મી માર્ચ ૨૦૦૨ના દિવસે સુપ્રીમ કોર્ટે ભુલ્લરની મૃત્યુદંડની પ્રજા સામેની અરજીને ફગાવી દીધી હતી અને કઠોર સજા ફટકારી હતી. ઓગસ્ટ ૨૦૦૧માં ટ્રાયલ કોર્ટે મૃત્યુદંડની સજા ફટકારી હતી જેને ૨૦૦૨માં દિલ્હી હાઈકોર્ટે માન્ય રાખી હતી ત્યારબાદ આ શખ્સને ૧૭મી ડિસેમ્બર ૨૦૦૨ના દિવસે મોટો ફટકો પડ્યો હતો. એ વખતે તેની સમીક્ષા અરજી ફગાવી દેવામાં આવી હતી. ભુલ્લરે ક્યુરેટિવ અરજી દાખલ કરી હતી જેને સુપ્રીમ કોર્ટે ૧૨મી માર્ચ ૨૦૦૩ના દિવસે ફગાવી દીધી હતી. દરમિયાન ભુલ્લરે ૧૪મી જાન્યુઆરી ૨૦૦૩ના દિવસે રાષ્ટ્રપતિ સમક્ષ દયાની અરજી દાખલ કરી હતી. રાષ્ટ્રપતિએ આઠ વર્ષના ગાળા બાદ તેની દયાની અરજી ફગાવી દીધી હતી.

## સમાચાર ઝલક

- *મુંબઇ-અમદાવાદ હાઇવે પર વોલ્વો બસને અકસ્માત નડતાં ૭ મુસાફરોનાં મૃત્યુ, ૧૦થી વધુને ઇજા.*
- *બિહારમાં ગંગા નદીમાં નાવ ડુબી જતાં ૨૦ થી વધુ વ્યક્તિઓનાં મોત.*
- *સહારા ગ્રુપ ૨૨,૦૦૦ કરોડ ક્યાંથી લાવ્યું એ સામે તપાસ કરો, સુપ્રીમનો આદેશ, સહારાના વડાને દેશ ન છોડવા હુકમ.*
- *ભૂજમાં રૂની પેઢીઓ પાસેથી ૨ કરોડનું કાળું નાળું ઝડપાયું, અન્ય પેઢીઓ ઉપર પણ દરોડા.*
- *અમદાવાદ-ગાંધીધામ વચ્ચેના વાહનોને તસ્કરોની હેરાનગતિ, ટ્રક ચાલકો આંદોલનનાં મૂડમાં.*
- *ભરૂચમાં પચાસ રૂપિયામાં આધાર બનાવી આપતો શખ્સ ઝડપાયો.*
- *ધીમી ગતિએ ઠંડી ઓછી થતી હોવાનો રાજયમાં લોકોને અહેસાસ.*
- *મહેસાણા નજીકનાં ગામમાં અંધશ્રદ્ધાનો કિસ્સો સામે આવ્યો, યુવતીને કૂતરૂં કરડતા સારવાર ન કરાતાં ભુવાના દોરા-ધાગા કરતા યુવતીનું મોત.*
- *બેચરાજી પાસે મારૂતિ કારનો પ્લાન્ટ ટૂંક સમયમાં જ શરૂ કરાશે.*
- *તા.૧૦-૧૧ ફેબ્રુઆરીએ બેંક કર્મચારીઓની હડતાળનું એલાન.*
- *ઇન્ડોનેશિયામાં ભેંખડ ધસી પડતાં ૧૯નાં મોત.*
- *બ્રિટનનાં ડોકટરની ભૂલને કારણે કિશોરીને રૂા.૨ કરોડ ચુકવવાનો આદેશ.*
- *ગણપત યુનિવર્સિટી મહેસાણા નજીક પોલીસવાન પલટી ખાઇ જતાં, પોલીસનું મોત, ૭ પોલીસને ઇજા.*
- *રાજ ઠાકરેનો સેલ ટેક્સ મુદ્દે મહારાષ્ટ્ર સરકારને પડકાર.*
- *વડાપ્રધાનના લઘુમતી કાર્યક્રમના ભાષણ દરમિયાન એક વ્યક્તિએ હંગામો કર્યો.*
- *પાકિસ્તાનમાં કુ.મલાલાનાં પુસ્તકો પ્રકાશિત નહી થાય.*
- *સ્વરાજ પોલની સંપત્તિ ૨ અબજ કરોડને વટાવી ગઇ.*
- *'જય હો' પિકચર સો કરોડની કલબમાં સમાવેશ થયો.*
- *આંધ્રની વિધાનસભા અલગ તેલંગણાના મુદ્દે સતત ત્રણ દિવસથી ચાલતી નથી.*
- *વડોદરા જિલ્લામાં તમામ મતદારોને ઓળખકાર્ડ આપી સમગ્ર દેશમાં ૧૦૦ ટકા સિદ્ધિ મેળવનાર જિલ્લો બન્યો.*

## એલજીબીટી ગ્રૂપ ક્યુરેટીવ અરજી રજૂ કરવાના મૂડમાં

નવી દિલ્હી,તા.૨૯

આઈપીસીની કલમ ૩૭૭ અંગે તેના ચુકાદાની સમીક્ષા કરવાની માંગ કરતી અરજીઓને સુપ્રીમ કોર્ટે ગઈકાલે ફગાવી દીધા બાદ સજાતીય સમુદાયના લોકોમાં ફરી એકવાર નારાજગી અને ચિંતાનું મોજું ફળી વળ્યું છે. જો કે સજાતીય સમુદાયના લોકો હજુ હતાશ થયા નથી. સજાતીય સમુદાયના અધિકારો માટે લડત ચલાવી રહેલા કાર્યકરોનું કહેવું છે કે તેઓ તેમની લડત ચાલુ રાખશે અને સુપ્રીમ કોર્ટમાં ક્યુરેટીવ અરજી દાખલ કરશે. હમસફર ટ્રસ્ટના અસોક રો કવિએ કહ્યું છે કે સુપ્રીમના આદેશથી અમે હતાશ થયા છીએ. કોર્ટ દ્વારા અમારી સમીક્ષા અરજીને જે રીતે ફગાવી દેવામાં આવી છે તેને લઈને હમે હતાશ છીએ. અમારા દ્વારા આપવામાં આવેલા કારણોને સમજ્યા વગર બે લાઈનમાં જ સુપ્રીમે આ અરજીઓ ફગાવી દીધી છે. અમે એવા અંતરને ભરવાના પ્રયાસ કરી રહ્યા છીએ જેમાં અમે માનીએ છીએ કે અમને અન્યાય થઈ રહ્યો છે. અમને આશા છે કે જજ તમામ પાસાં ઉપર વિચારણા કરશે. વર્ષ ૨૦૦૯માં દિલ્હી હાઈકોર્ટે સજાતીય સેક્સ સંબંધોને અપરાધી ગણવાની જોગવાઈને રદ કરી હતી. જો કે સુપ્રીમ કોર્ટે દિલ્હી હાઈકોર્ટના આદેશને ફગાવી દીધો હતો. ૨૦૦૯માં હાઈકોર્ટના આદેશથી સજાતીય સમુદાયના લોકો અને તેમના પરિવારને રાહત થઈ હતી અને એવી આશા પણ જાગી હતી કે તેમને એક સમાનતાના અધિકાર મળશે પરંતુ સુપ્રીમ કોર્ટના આદેશથી ખૂબ જ આઘાત લાગ્યો છે. એલજીડીટી સમુદાયને અન્યાય થયો છે. અમે સીધા લોકો છીએ અને યોગ્ય રીતે સમસ્યાનો ઉકેલ શોધી કાઢીશું. ભાવિ પગલાને લઈને વાતચીતનો સીલસિલો શરૂ થઈ ચૂક્યો છે. ટૂંકમાં જ અંતિમ નિર્ણય લેવામાં આવશે. ક્યુરેટીવ અરજી યોગ્ય સમયે સુપ્રીમમાં રજૂ કરાશે.

### *જમ્મુ કાશ્મીરને દરજ્જો કોઈ પાછો ન ખેંચી શકે*

જમ્મુ,તા. ૨૯

જમ્મુ કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ આજે કહ્યુ હતુ કે રાજ્યને ખાસ બંધારણીય દરજ્જો આપવાની કલમ ૩૭૦ને કોઈ વડાપ્રધાન દૂર કરી શકે નહીં. જમ્મુ કાશ્મીરને ખાસ દરજ્જો પાછો ખેંચી શકે નહીં. ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર અને ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી વડાપ્રધાન બનશે તો ચિંતાજનક સ્થિતિ સર્જાશે કે કેમ તેવા પ્રશ્નના જવાબમાં ઓમર અબ્દુલ્લાએ કહ્યુ હતુ કે તેઓ વડાપ્રધાન બને કે રાષ્ટ્રપતિ જેવા અન્ય કોઈ હોદ્દા સંભાળે આ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. બંધારણીય રીતે તેઓ દરેક બાબતની નોંધ લીધા વગર કલમ ૩૭૦ને દૂર કરી શકે નહીં. હવે ભારતના વડાપ્રધાન તરીકે જો મોદી ભારતના જુદી રીતે મુલ્યંકનની ઈચ્છા ધરાવે છે તો તેનું સ્વાગત કરવામાં આવશે પરંતુ હું નથી માનતો કે કોઈ પણ વડાપ્રધાન આ દિશામાં આગળ વધશે.

## સેન્સેક્સ ૩૬ પોઈન્ટ ઘટીને ૨૦૬૪૭ની સપાટીએ રહ્યો

મુંબઈ,તા. ૨૯

શેરબજારમાં આજે સતત ચોથા સેશન્સમાં મંદીનું મોજુ રહ્યુ હતુ. કારોબારના અંતે ચાવીરૂપ ઈન્ડેક્સ અંધાધૂંધી સાથે બંધ રહ્યા હતા. મૂડીરોકાણકારો એફએન્ડઓની જાન્યુઆરી સિરિઝને લઈને સાવધાન રહ્યા હતા. આવતીકાલના દિવસે જાન્યુઆરી સિરિઝના એફએન્ડઓ કોન્ટ્રાક્ટની પૂર્ણાહૂતિ થઈ રહી છે. સેન્સેક્સ આજે ૩૬ પોઈન્ટ ઘટીને ૨૦૬૪૭ની સપાટીએ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૬ પોઈન્ટ ઘટી ૬૧૨૦ની સાપટીએ રહ્યો હતો. બ્રોડર માર્કેટમાં મિશ્ર સ્થિતિ રહી હતી. બીએસઈ મિડકેપમાં તેજી રહી હતી જ્યારે સ્મોલકેપ ઈન્ડેક્સમાં ઘટાડો નોંધાયો હતો. આજે સેન્સેક્સના જે શેરમાં તેજી રહી હતી તેમા ઈન્ફોસિસ, મારુતિ, ભેલ, એક્સીસ બેંક, સનફાર્માનો સમાવેશ થાય છે. જો કે આઈસીઆઈસીઆઈ બેંક, આરઆઈએલ, આઈટીસી, એચડીએફસી, તાતા મોટર્સ અને સેશા સ્ટરલાઈટમાં ઘટાડો નોંધાયો હતો. વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ મંગળવારના દિવસે ૧૨૬૭.૩૫ કરોડની કિંમતના શેર વેચી દીધા હતા. એશિયન બજારમાં આજે તેજી રહી હતી. જાપાનના બેંચમાર્ક નીક્કીમાં સુધારો રહ્યો હતો જેમાં ૨.૭ ટકાનો જ્યારે સંઘાઈ કમ્પોજિટમાં ૦.૬ ટકાનો, હેંગસેંગમાં ૧.૧ ટકાનો સુધારો રહ્યો હતો. બીએસઈ હેલ્થકેર ઈન્ડેક્સમાં સૌથી વધુ સુધારો સેક્ટરલ ઈન્ડેક્સમાં રહ્યો હતો જેમાં ૧.૬ ટકાનો ઉછાળો રહ્યો હતો. આ ઉપરાંત ઓટો, કેપિટલ ગુડ્સ ઈન્ડેક્સમાં પણ સુધારો રહ્યો હતો. મેટલ ઈન્ડેક્સમાં પણ ૦.૮ ટકાનો ઘટાડો નોંધાયો હતો. માર્કેટ બ્રિડથ હકારાત્મક રહી હતી. ૧૨૬૨ શેરમાં તેજી રહી હતી જ્યારે ૧૦૨૧ શેરમાં મંદી રહી હતી. શેરબજારમાં ગઈકાલે કારોબારના અંતે ફલેટ સ્થિતિ રહી હતી. ઉથલપાથલના કારોબારી સેશન્સમાં આરબીઆઈના પગલાની અસર જોવા મળી હતી. ગઈકાલે આરબીઆઈએ નાણાંકીય નીતિની તેની ત્રીજી ત્રિમાસિક સમીક્ષા જારી કરી હતી જેમાં રેપોરેટમાં ૨૫ બેઝિક પોઈન્ટનો વધારો કરીને આ દરને આઠ ટકા કરવામાં આવ્યો હતો. કારોબારના અંતે સેન્સેક્સ ગઈકાલે ભારે ઉથલપાથલના સેશન્સ વચ્ચે ૨૪ પોઈન્ટ ઘટીને ૨૦૬૮૪ની સપાટીએ રહ્યો હતો જ્યારે નીફ્ટી ૧૦ પોઈન્ટ ઘટી ૬૧૨૬ની સપાટીએ રહ્યો હતો. બેંકરેટ, સીઆરઆર, રેપોરેટને લઈને બજારમાં ચર્ચા રહી હતી. શેરબજારમાં સતત ચોથા સેસન્સમાં મંદી રહી હતી.